કે.ડી. NEWS
તારીખ : 14/01/2026

# ઉત્તરાયણમાં દાનનો મહિમા



# આજના મકરસંક્રાંતિના દિવસે શું દાન કરવું??

જ્યોતિષશાસ્ત્રમાં સૂર્યને આત્મા અને પિતાનો કારક માનવામાં આવે છે જ્યારે શનિ ને કર્મ અને શિસ્તનો કારક ગણાય છે. સૂર્ય અને શનિ વચ્ચે પિતા પુત્ર નો સંબંધ હોવા છતાં જ્યોતિષમાં તેઓ પરસ્પર શત્રુતા ધરાવે છે પરંતુ મકરસંક્રાંતિના દિવસે સૂર્ય પોતે શનિના ઘરે જાય છે અને આ મિલન સૂચવે છે કે જો મનુષ્ય ધીરજ અને શિસ્ત એટલે કે શનિ સાથે કાર્ય કરે તો તેને સફળતા અને તેજ એટલે કે સૂર્ય ચોક્કસ મળે છે આ દિવસથી કમુરતા એટલે કે અશુભ સમય પૂર્ણ થાય છે અને તમામ માંગલિક કાર્યો જેવા કે લગ્ન, ગૃહ પ્રવેશ સહિતના શુભ કાર્યો શરૂ થાય છે.આ દિવસે કરવામાં આવેલ ઉપાયોથી કુંડળીમાં સૂર્ય અને શનિ બંનેના દોષો શાંત થાય છે. મકરસંક્રાંતિના દિવસે સૂર્ય ઉપાસના ગાયત્રી મંત્ર જાપ શનિદોષ નિવારણ નવગ્રહ શાંતિ જેવા શુભ કાર્યો પણ કરવામાં આવે છે. અને દાન ની વાત કરવામાં આવે તો તલનો હોમ કરવો, તલના લાડવામાં સિક્કા મૂકી ગુપ્તદાન કરવું. આપણી સંસ્કૃતિમાં બહેન-દીકરીઓને ખીચડો આપવાની પરંપરા પણ આ પ્રથાને આનુષંગિક જ છે. આ પવિત્ર દિને ગાયોને ઘાસચારો નિરવો, ગરીબોને અન્ન, ગરમ વસ્ત્રોનું દાન આપવું, તલનું દાતણ કરવું, તલના તેલનું માલિશ કરવું, તલ અને ગોળ આરોગવા જોઈએ.

તારીખ : 14/01/2026

# અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા જરૂરિયાતમંદ પરિવારના બાળકો ને પતંગ-દોરીનું વિતરણ કરવામાં આવ્યું.










"અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા જરૂરિયાતમંદ પરિવારના બાળકોના ચહેરા પર સ્મિત લાવવા પતંગ-દોરીનું વિતરણ કરવામાં આવ્યું અને નાગરિકોને પક્ષીઓ તેમજ પોતાની સુરક્ષા માટે ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અપીલ કરવામાં આવી હતી.

તારીખ : 14/01/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકરસંક્રાંતિના દિવસે

# રઘુકુળ ફાસ્ટફુડનું

## બેસ્ટ ટેસ્ટફુલ સ્વાદિષ્ટ ઉંધીયુ

તે પણ પ્રકાશ પત્રિકા સાથે લાવનારને



## રૂા. ૧૦૧ (૧ કીલો)

અમારે ત્યાંથી
આપની મળશે...

સ્ટોક હશે
ત્યાં સુધી

## આખા મરચાના ભજીયા

## સમોસા * બટેટાવડા * સેવરોલ

જતીન ઠક્કર - મો. ૯૦૩૩૭ ૯૭૦૫૬

સ્થળ : જુના બસ સ્ટેન્ડ પાસે,
સાવરકુંડલા.

તારીખ : 14/01/2026

# બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત કિશોરી મેળાનુ આયોજન










જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયાના માર્ગદર્શન મુજબ સાવરકુંડલા-લીલીયાના માન.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળાના અધ્યક્ષ સ્થાને સાવરકુંડલા તાલુકામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કિશોરીઓ સાથે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત કિશોરીમેળો આયોજિત થયેલ.આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયા સાહેબ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.મીના સાહેબ, મેડીકલ ઓફિસર શ્રી. મનિષભાઈ જયાણી, ડો.ઋતવેક પટેલ, ડો. અનીતાબેન હડીયા, ડો.મનીષાબેન પટેલ, ડો.જીગ્નાબેન પટેલ, ડો.નિસાર સવંટ, ડો.ભાદાણી સાહેબ, સર્વ શિક્ષા અભિયાન માંથી ડીસ્ટ્રીક્ટ ગર્લ્સ એજ્યુકેશન કો ઓર્ડીનેટર ભુમીબેન ડોડીયા, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના વોર્ડન આરતીબેન અને સ્ટાફગણ, Dhew, Pbsc સ્ટાફ ઉપસ્થિત રહેલ.જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી કણઝરીયા સાહેબ દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ.માન.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા સાહેબના વરદ હસ્તે કિશોરીઓને હાઈજિન કિટ વિતરણ કરવામાં આવેલ તેમજ કિશોરીઓને પ્રેરણા સંદેશ આપવામાં આવેલ.તાલુકા હેલ્થ ઓફિસર ડો.મીના સાહેબ દ્વારા દિકરીઓના આરોગ્ય અને શિક્ષણ તેમજ દિકરીઓમાં રહેલી કુશળતાઓ વિશે વક્તવ્ય આપવામાં આવેલ.ડો. અનિતાબેન હડીયા દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ.સર્વ શિક્ષા અભિયાન માંથી ડીસ્ટ્રીક્ટ ગર્લ્સ એજ્યુકેશન કો ઓર્ડીનેટર ભુમીબેન ડોડીયા દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.મેડીકલ ઓફિસર શ્રી મનિષભાઈ જયાણી દ્વારા કિશોરીઓને વાંચન વિશે તેમજ યાદશકિત વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.આજના કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના આર.બી.એસ.કે સ્ટાફ દ્વારા આરોગ્ય તપાસ કરવામા આવેલ. જેમાં કિશોરીઓના વજન, ઊંચાઈ, એચ.બી ટેસ્ટ, બ્લડ ગ્રૂપ ચકાસણી કરવામાં આવેલ.એસ.એફ.એલ.મિનાક્ષીબેન મકવાણા દ્વારા આભાર વિધી કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

ડે.ડે NEWS

તારીખ : 14/01/2026

# પતંગ રસિકો માટે ખુશ ખબર પવનની ગતિ રહેશે સાનુકૂળ..



ઉત્તરાયણના દિવસે પવન અંગે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી કરી છે. તેમણે જણાવ્યું કે, ઉત્તરાયણના દિવસે સવારે નવ વાગ્યાથી ૭કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો ૧૦ વાગ્યાથી લઈને છ થી સાત કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. બપોરે ૬ થી ૭ કિલોમીટર અને સાંજે ૪ થી ૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો કોઈ કોઈક પવનની ગતિ અમદાવાદ, મહેસાણા, પાલનપુર, મહુવા, ભાવનગર, પોરબંદર, ગાંધીધામ, જામનગર, રાધનપુર, વિરમગામ, સુરત જેવા અન્ય સ્થળો પર અલગ-અલગ રહેશે. તેમજ દરિયા કિનારાના ભાગો પર પવનની ગતિ થોડી વધુ રહી શકે છે. સુરતના ભાગોમાં ૯ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ પવનની ગતિ રહી શકે છે. ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલની આગાહી મુજબ ઉત્તરાયણના દિવસે સવારના સમયે પવન શાંત હશે, જેમ જેમ દિવસ આગળ વધશે તેમ પવનની ગતિ વધશે, બપોર પછી પતંગ ચગાવવા પવન એકદમ યોગ્ય હશે. જેથી પતંગપ્રેમીઓ આખો દિવસ આનંદ લઈ શકશે. વાસી ઉત્તરાયણ એટલે કે 15 જાન્યુઆરીના દિવસે પણ પવન સારો રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

તારીખ : 14/01/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વટેશ્વર ડેરી ફાર્મ

## પ્યોર તબેલાનું ભેંશનું દુધ મળશે ગેરેંટી સાથે...

## ભાવ : રૂા. 80, હોમ ડીલેવરી : રૂા. 85

**પ્યોર ઘી પણ મળશે..**
**રૂા. 1000 (કીલો)**

## ઓર્ડર મુજબ પેંડા બનાવી આપવામાં આવશે.

**ભેંશના દુધના પેંડા**
**ભાવ રૂા. 500 (કિલો)**

મણીભાઈ ચોક (રાઉન્ડ),
મહાજન સમાજની વાડી નીચે, સાવરકુંડલા.
મો. 99792 80130

સમય :- સવારે 7 થી 9 / સાંજે 7 થી 9

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

908 1 24 1 916

## “મોડું નથી થયું, સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે.”

### વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

### હવે આપના સૌભાગ્યની નવી તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

**શ્રી ગોકુલ જ્વેલર્સ**

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

તારીખ : 14/01/2026

# સાવરકુંડલા ખતરનાક પતંગની દોરી (માંઝા) થી ગળામાં ગંભીર ઈજા : સાવરકુંડલાના નાગરિકની હાલત સ્થિર





સાવરકુંડલા શહેરના ખાદીકાર્યાલય વિસ્તારમાં રહેતા ભુપતભાઈ નાનજીભાઈ પાટડીયા (ઉંમર ૫૬ વર્ષ) ને આજે સવારે ગંભીર ઈજા થઈ છે. તેઓ પોતાની ગાયને રજકો (ચારો) ખવડાવી રહ્યા હતા ત્યારે અચાનક એક પતંગની દોરી (સંભવિત ચાઈનીઝ માંઝા) તેમના ગળા પર લપેટાઈ ગઈ, જેના કારણે ગળામાં ઊંડો કાપ પડ્યો અને લોહી વહેવા લાગ્યું.તાત્કાલિક તેમને સાવરકુંડલાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ઈમરજન્સીમાં ગળાના ભાગે *સાત ટાંકા* મારીને સારવાર કરી. હાલમાં ભુપતભાઈની તબિયત સ્થિર છે અને તેઓ જોખમમુક્ત છે, પરંતુ તેઓ હજુ હોસ્પિટલમાં દાખલ છે અને નિરીક્ષણ હેઠળ છે.આ ઘટના ઉત્તરાયણ / મકરસંક્રાંતિના તહેવારના સમયે બની છે, જ્યારે ચાઈનીઝ માંઝા જેવી નિષિદ્ધ અને ખતરનાક પતંગની દોરીઓના કારણે ગુજરાત સહિત દેશભરમાં અનેક ગંભીર ઈજાઓ અને મૃત્યુના બનાવો નોંધાયા છે. આવી દોરીઓ ગળા, હાથ કે ચહેરા પર લપેટાઈ જવાથી ખૂબ જ ગંભીર ઈજાઓ થાય છે, જેમાંથી કેટલીક જીવલેણ પણ સાબિત થાય છે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## मकर संक्रांति

આશાના આકાશમાં વિશ્વાસની દોર વડે આપની સફળતાનો પતંગ સદા
નવા મુકામ પ્રાપ્ત કરે તેવી ઉત્તરાયણની હાર્દિક શુભકામનાઓ...

Aavkar
RESTAURANT & BANQUET HALL

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 14/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# મકરસંક્રાંતિના તહેવાર

## નિમિત્તે આજરોજ પ્યોર

## શીંગતેલમાં ગરમાગરમ

## ઉંધીયુ તેમજ પંજાબી મળશે..

# શ્રી ગોપીનાથજી કેટરર્સ

સવારના ૮ થી બપોરના ૨ વાગ્યા સુધી...

## શ્રી ગોપીનાથજી કોઠી આઇસ્ક્રીમ & ગાઠીયા- ભજીયા

ભુવારોડ, ગૌશાળા પહેલા, સાવરકુંડલા

મો. 97375 25497/99256 45684

તારીખ : 14/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી NEWS
તારીખ : 14/01/2026

# ખાંભા તાલુકાના હનુમાનપુરમાં બે વર્ષના બાળક ઉપર દીપડાનો હુમલો.



અમરેલી જિલ્લામાં દીપડાના માનવ પરના હુમલાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના હનુમાનપુરમાં વધુ એક હુમલાની ઘટના સામે આવી છે. મોડી સાંજે ઘર આંગણે રમી રહેલા એક બે વર્ષના બાળકને લઈને દીપડો ભાગ્યો હતો. જોકે, પરિવારે બુમાબુમ કરતાં દીપડો બાળકને મૂકીને ભાગી ગયો હતો. બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.પરિવારે બુમાબુમ કરતાં બાળકનો જીવ બચ્યો બાળક પર હુમલો થતો જોઈ પરિવારના સભ્યોએ તરત જ ચીસો પાડી અને દોડ્યા હતા. પરિવારની આ સમયસરની હિંમત અને સતર્કતાને કારણે દીપડો બાળકને છોડીને ભાગી ગયો હતો, જેનાથી એક મોટી દુર્ઘટના ટળી હતી અને બાળકનો જીવ બચાવી શકાયો હતો. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જઈ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ તેને વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ તબીબોના જણાવ્યા અનુસાર બાળકની તબિયત સ્થિર છે.ઘટનાની જાણ થતા જ વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વનવિભાગ દ્વારા પાંજરા ગોઠવી દીપડાને પાંજરે પૂરવા માટે અલગ-અલગ ટીમો રચી સર્ચ કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ ગામ અને આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે. ત્યારે આ ઘટનાની ગંભીરતા લઈ તુલશીશ્યામ રેંજના આર.એફ.ઓ વિપુલ નકુમને થતા વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. અને દીપડાને પકડવા અલગ અલગ પાંજરા મુકવાની કવાયત હાથ ધરી હતી.

કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

# પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા વિનામૂલ્યે પતંગોનું વિતરણ કરાયું..

## ૧૪૨ ગામોની પ્રાથમિક શાળાઓમા ૧.૫૦ લાખ પતંગો વિતરણ કરાઈ ..



રાજુલા જાફરાબાદના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા અંબરીષભાઈ ડેર દ્વારા મકરસંક્રાંતિ પર્વને લઈ વિનામૂલ્યે પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૯૮-વિધાનસભા રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાના ગામડાઓની ૧૪૨ પ્રાથમિક શાળાઓ મળી પતંગો વિતરણ કરવામાં આવી હતી. અંબરીષ ડેરની ટીમ દ્વારા વિવિધ શાળાઓ ખાતે પહોંચી સહભાગી વિનામૂલ્યે પતંગોનું કરવામાં આવેલ. રાજુલાના ખાખબાઈ, દેવકા,હિડોરણા સહિત તમામ ગામડાઓની પ્રાથમિક શાળામાં દોઢ લાખથી વધુ પતંગોનું વિતરણ કરાયું હતું. અંબરીપ ડેર દ્વારા પોતાના વિસ્તારના બાળકોને તહેવારને લઈ ખુશી આપવા માટે આયોજન કર્યું હતું. પતંગ વિતરણ અંતર્ગત બાળકોમાં ખૂબ જ આનંદ જોવા મળ્યો હતો. અંબરીષ ડેર જેઓ હાલ ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી મંડળના ચેરમેન તરીકે ફરજ બજાવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબરીષ ડેર દ્વારા મકરસંક્રાંતિ પર્વને લઈ રાજુલા-જાફરાબાદ અને ખાંભા વિસ્તારમા વિનામૂલ્યે પતંગોનુ વિતરણ કરવામા આવ્યું હતું.

તારીખ : 14/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

તારીખ : 14/01/2026

# હાસ્ય લેખક વિનોદ ભટ્ટ નો આજે જન્મદિવસ...



તેમનો જન્મ ૧૪ જાન્યુઆરી, ૧૯૩૮ ગુજરાતનાં નાંદોલ ખાતે થયો હતો. તેમના પિતા અને માતાનું નામ જસવંતલાલ અને જયાબેન હતું . તેમણે ૧૯૫૫માં એસ.એસ.સી. ઉત્તિર્ણ કર્યું અને ૧૯૬૧માં અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાંથી સ્નાતક થયા હતા. પછીથી તેઓ એલ.એલ.બી.ની પદવી મેળવી હતી. તેઓ વ્યવસાયે વેરા સલાહકાર હતા. ૧૯૯૬ થી ૧૯૯૭ દરમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તેમની કટાર મગનું નામ મરી ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ થતી હતી, જે પાછળથી દિવ્ય ભાસ્કરમાં ઈદમ તૃતિયમ તરીકે પ્રસિદ્ધ થઈ હતી.૨૩ મે, ૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે લાંબી બીમારી પછી તેમનું અવસાન થયું હતું.૧૯૭૬ - કુમાર ચંદ્રક ૧૯૮૯ - રણજિતરામ,સુવર્ણચંદ્રક,૨૦૧૬ - રમણભાઈ નીલકંઠ પુરસ્કાર,જ્યોતિન્દ્ર દવે હાસ્ય પારિતોષિક થી સન્માનિત કરાયા છે.

તારીખ : 14/01/2026



# મંગળ મંદિર ખોલો ના રચિતા નરસિંહરાવ દિવેટીયા ની આજે પુણ્યતિથિ.

નરસિંહરાવ દિવેટીયાનો જન્મ ૩ સપ્ટેમ્બર ૧૮૫૯ના રોજ ભારત દેશના ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરમાં થયો હતો. તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં જ પૂર્ણ થયું. ૧૮૮૦માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે વિનયનના સ્નાતકની પદવી મેળવી અને ત્યારબાદ સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. તેઓ ૧૮૮૪માં ખેડામાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિયુક્તિ પામ્યા હતા. થોડોક સમય ઍક્ટિંગ કલેક્ટર અને બાકીનો સમય આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નોકરી કરી. ૧૯૧૨માં નિવૃત્તિવય પહેલાં જ તેમણે નિવૃત્ત સ્વીકારી લીધી હતી. ૧૯૧૫માં પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. ૧૯૨૪માં રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખાના ફેલો ચૂંટાયા. ૧૯૨૧ થી ૧૯૩૫ સુધી ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક પણ રહી ચુક્યા હતા.તેઓ ગુજરાતી સાહિત્યકાર ભોળાનાથ દિવેટિયાના પુત્ર અને લેખિકા વિદ્યાગૌરી નીલકંઠના મામા હતા.૧૯૩૭ની ઉત્તરાયણના દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરી ૧૯૩૭ના રોજ તેમનું અવસાન થયું હતું.તેમણે જ્ઞાનબાલ, દૂરબીન, નરકેસરી, પથિક, મુસાફર, વનવિહારી, શંભુનાથ વગેરે જેવા ઉપનામોથી સર્જન કર્યું હતું. દક્ષિણ ભારતનાં જુદાં જુદાં સ્થળોએ નોકરી નિમિત્તે ફરવાથી ત્યાંના સાગરકિનારાએ તથા પહાડી પ્રકૃતિની શોભાએ એમના સર્જકચિત્તને ખાસું એવું પ્રભાવિત કર્યું હતું. આવી જ રીતે હૈદરાબાદ (સિંધ)ના વસવાટને કારણે તેમને બોલીઓનો ખ્યાલ આવ્યો હતો. મંગળ મંદિર ખોલો તેમની અત્યંત જાણીતી કવિતા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઇ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

# મર્દાની-3'નું ટ્રેલર લોન્ચ થયું.

## આ વખતે વિલન પણ એક મહિલા!..




બોલીવુડની જાણીતી અભિનેત્રી અને ભારતીય સિનેમાની પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક એવી રાની મુખર્જીએ બોલિવૂડમાં 30 વર્ષ પૂરા કર્યા છે. આ ખાસ અવસરને યાદગાર બનાવતા યશ રાજ ફિલ્મ્સ દ્વારા તેમની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'મર્દાની 3'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. ત્રણ દાયકાની આ સફર બાદ રાની ફરી એકવાર નિડર પોલીસ ઓફિસર શિવાની શિવાજી રોયના પાવરફુલ અવતારમાં પડદા પર જોવા મળશે. શિવાની શિવાજી રોયની નવી લડાઈ: આ વખતે વિલન પણ એક મહિલા!આ ફિલ્મમાં રાની મુખર્જી એટલે કે શિવાની શિવાજી રોય ગુમ થયેલી યુવતીઓને શોધવા માટે જાનની બાજી લગાવી દેશે. ટ્રેલર જોઈને જ ખબર પડે છે કે આ વખતે લડાઈ પહેલા કરતા પણ વધુ જોરદાર અને હિંસક રહેવાની છે. આ ભાગની સૌથી ખાસ વાત એ છે કે, શિવાનીનો સામનો કોઈ પુરુષ વિલન સાથે નહીં, પણ એક અત્યંત ચાલાક અને શક્તિશાળી મહિલા વિલન સાથે થશે. આ ખતરનાક વિલનનો રોલ જાણીતી એક્ટ્રેસ મલ્લિકા પ્રસાદ ભજવી રહી છે. તેમજ ગુજરાતી ફિલ્મ 'વશ' અને હિન્દી ફિલ્મ 'શૈતાન'થી જાણીતી થયેલી અભિનેત્રી જાનકી બોડીવાલા પણ આ વખતે મર્દાનીની ટીમમાં એક મહત્ત્વના રોલમાં જોવા મળશે.આ ફિલ્મનું લેખન આયુષ ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું છે, જેઓ અગાઉ 'ધ રેલવે મેન' જેવી વૈશ્વિક સ્તરે વખણાયેલી હિટ સિરીઝ આપી ચૂક્યા છે. અભિરાજ મિનાવાલાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું નિર્માણ આદિત્ય ચોપરા(યશ રાજ ફિલ્મ્સ) દ્વારા કરવામાં આવ્યું છે. 'મર્દાની' ફ્રેન્ચાઈઝી હંમેશા તેના મજબૂત સામાજિક સંદેશ માટે જાણીતી રહી છે. જેમ પહેલા ભાગમાં માનવ તસ્કરી અને બીજા ભાગમાં દુષ્કર્મ જેવી વિકૃત માનસિકતા સામે જંગ બતાવવામાં આવ્યો હતો, તેવી જ રીતે 'મર્દાની 3' પણ સમાજની એક અત્યંત ઘેરી અને ક્રૂર સત્યતાને પડદા પર લાવશે, જે જોયા પછી પ્રેક્ષકો પણ આ ગંભીર મુદ્દા પર વિચારતા થઈ જશે.'મર્દાની 3' આગામી 30 જાન્યુઆરી, 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો

ફકત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી

વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની



3 વર્ષની ફુલ વોરંટી

5 વર્ષ મોટર ગેરંટી
(મોટર બદલી આપવામાં આવશે.)

કટ્ટરની આજીવન ગેરંટી

બાજરો દળવાની પણ ગેરંટી

## એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

તારીખ : 14/01/2026

# અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી મુળ માલિકને પરત અપાવતી સાવરકુંડલા રૂરલ પોલીસ.




તેરા તુજકો અર્પણ

**Notification(1)**

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત “CEIR” પોર્ટલ તથા ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી મુળ માલિકને પરત અપાવતી સાવરકુંડલા રૂરલ પોલીસ ટીમ.

**Notification(2)**

VIVO Y29

**Notification(3)**

25,000

રાજ્યના નાગરિકોની સલામતી અને તેમની સુવિધાને કેન્દ્રમાં રાખીને ગુજરાત પોલીસે શરૂ કરેલી ‘તેરા તુજકો અર્પણ’ પહેલ રાજ્યભરમાં સારા પરિણામો આપી રહી છે.ત્યારે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત “CEIR” પોર્ટલ તથા હ્યુમન સોર્સની મદદથી અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી મુળ માલિકને પરત સાવરકુંડલા રૂરલ પોલીસે આપ્યો હતો.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઇન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઇલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઇઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 14/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનં નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## પરમાર હાર્દિક ધીરુભાઈ

સાવરકુંડલા

HAPPY BIRTHDAY


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## એનિવર્સરી કેક
## બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક
## ફોટો કેક
## અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક
મનાવી આપવામાં આવશે.

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ચિન્ટુ: મારી પાસે પતંગ છે, ફીરકી છે,ફીરકી પકડનાર છે, તલની ચીકી છે, બોર છે તમારી પાસે શું છે?**
**મોન્ટુ: માત્ર નાનો પથ્થર અને એમાં દોરો વીંટવેલો છે તું પતંગ તો ખાલી ઉડાવ..**

---

**ધુંરઘર નું ના સમજાય એવું ગીત આ વખતે ઉતરાયણ માં વાગશેલોકો સમજશે નહીં તો પણ વાહ વાહ કંઈ પતંગ ઉડાવશે.**

---

**એક ભાઈએ પોતાના પરિવારના whatsapp ગ્રુપમાં મેસેજ નાખ્યો તમે બધા પોતાના છો એટલે કહું છું કે મકરસંક્રાંતિમાં પતંગ ઉડાવા જાવ અને ન આવડે તો ખોટો પવનનો વાંક ના કાઢતા.**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 14/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 14 જાન્યુઆરી

# મહત્વની ઘટનાઓ

૧૯૫૭ – કૃપાલુ મહારાજને ૫૦૦ હિન્દુ વિદ્વાનો સમક્ષ સાત દિવસના ભાષણો આપ્યા બાદ પાંચમા જગદગુરુ (વિશ્વ શિક્ષક) તરીકે પસંદ કરવામાં આવ્યા.

## જન્મ

૧૫૫૧ – અબુલ ફઝલ, અકબરનવરત્નોમાંના એક (અ. ૧૬૦૨)
૧૯૨૧ – નારાયણપ્રસાદદાસજી સ્વામી, આધ્યાત્મિક સંત (અ. ૨૦૧૮)
૧૯૨૬ – મહાશ્વેતા દેવી, ભારતીય સામાજિક કાર્યકર્તા અને લેખિકા (અ. ૨૦૧૬)
૧૯૩૫ – લાભશંકર ઠાકર, ગુજરાતી સાહિત્યકાર (અ. ૨૦૧૬)
૧૯૩૭ – શોભન બાબુ, ભારતીય ચલચિત્ર અભિનેતા (તેલુગુ ચલચિત્ર), (અ. ૨૦૦૮)૧૯૩૮ – વિનોદ ભટ્ટ, ગુજરાતી હાસ્યલેખક, કટારલેખક (અ. ૨૦૧૮)
૧૯૫૦ – રામભદ્રાચાર્ય, ભારતીય ધાર્મિક નેતા, વિદ્વાન અને લેખક

## અવસાન

૧૯૩૭ – નરસિંહરાવ દિવેટિયા, ગુજરાતી કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી (જ. ૧૮૫૯)
૧૯૩૭ – જયશંકર પ્રસાદ, ભારતીય કવિ, લેખક અને નાટ્યકાર (જ. ૧૮૮૯)
૧૯૫૪ – બિપિન બિહારી ગાંગુલી, ભારતીય સ્વતંત્રતા ચળવળના સભ્ય અને રાજકારણી (જ. ૧૮૮૭)
૧૯૬૨ – એમ. વિશ્વેશ્વરૈયા, ભારતીય ઈજનેર, વિદ્વાન અને રાજકારણી (જ. ૧૮૬૦)
૧૯૮૨ – પંડિત ગજાનન અંબાડે, જલતરંગ તાલવાદ્યના પ્રશિક્ષક (જ. ૧૯૧૪)
૧૯૯૧ – માણી માધવ ચાક્યાર, કેરળ રાજ્યની પ્રાચીન સંસ્કૃત નાટક પરંપરા કુટિયાટ્ટમના મહાન કલાકાર (જ. ૧૮૯૯)
૨૦૧૧ – પ્રિયબાળા શાહ, ગુજરાતી લેખક, સંશોધક અને ભારતીય સંસ્કૃતિ અને કલાના તજજ્ઞ (જ. ૧૯૨૦)
૨૦૧૩ – જસુબેન શિલ્પી, ભારતીય કાંસ્ય શિલ્પ કલાકાર (જ. ૧૯૪૮)

## તહેવારો અને ઉજવણીઓ

મકર સંક્રાંતિ અથવા ઉતરાયણ
માંધાતા પ્રાગટ્ય ઉત્સવ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

---

# વિદ્યાર્થીઓ માટે



# રફ ચોપડા

## તેમજ

## લખવા માટેની

# કોરી પસ્તી

---

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973


વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

કે.ડી NEWS
તારીખ : 14/01/2026
નો નેગેટીવ ન્યુઝ
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




## સંપર્ક : મો. 9499797973